વડી કચેરી તથા તાબાની કચેરીઓના
નવા વાહનો ખરીદવા બાબત.

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંક-નવબ/૧૦૨૦૨૦/૦૧/ખ
સચિવાલય, ગાંધીનગર.
તા- ૦૩/૦૬/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી(આ.વિ.)ની કચેરી, ગાંધીનગરનો તા-૧૭/૧૨/૨૦૨૦ પત્ર ક્રમાંક:ટીડી/મકમ/૧/ફા.નં. ૪૩૮૦/૨૦૨૦/૭૩૧૭ થી ૧૮

પ્રસ્તાવના:-

ભારત સરકારના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અત્યાચાર નિવારણ ધારા-૧૯૮૯ના અસરકારક અમલ માટે જરૂરી મહેકમ તથા વાહનો મંજુર કરવાની જોગવાઈ ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ છે.. જ્યારે કામગીરીના અમલીકરણ માટે દર માસે યોજાતી તકેદારી સમિતિની જીલ્લા કક્ષા અને તાલુકા કક્ષા તથા ખાતાના વડા તથા રાજ્ય સરકાર દ્વારાયોજાતી મીટીંગમાં હાજરી આપવા માટે પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, પાલનપુર, જિ. બનાસકાંઠા માટે કન્ડેમ થયેલ વાહન સામે ૦૧ નવું વાહન ખરીદવા અંગેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, પાલનપુર, જિ. બનાસકાંઠા માટે કન્ડેમ થયેલ વાહન સામે રૂ. ૮.૦૦ લાખ લેખે ૦૧ નવું વાહન ખરીદવા માટે રૂ. ૮.૦૦ લાખની નવી બાબતને નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.
(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું અચુક પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વાહનની ખરીદી બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૦૬/ઉઓ-૮/ઘ ની જોગવાઈ અને શરતોને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૮) બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસારનું વાહન જ ખરીદવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પ્રકારનું વાહન ખરીદી શકાશે નહીં.

(૯) નવા વાહનની ખરીદી કન્ડેમ વાહન સામે કરવાની હોય તો કન્ડેમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૧૦) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની જવાબદારી જે તે કચેરીની રહેશે.

આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર: ૨૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર ૨૫-વીકેવાય-૫૩ વહીવટી તંત્રને તમામ કક્ષાએ સંગીન બનાવવું" હેઠળ ચાલુ વર્ષની મળેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૧૯/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**( જે.આર.ડોડીયા )**
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.